જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૧/૨૦૧૬ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૩/૧૬**

## ઘરફોડચોરીના ગુનામા નાસતા ફરતા આરોપીની ધરપકડ કરતી અમદાવાદ ક્રાઇમબ્રાન્ચ

ક્રાઇમબ્રાન્ચ, અમદાવાદ શહેરના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીશ કમિશ્નર શ્રી કે.એન.પટેલ નાઓની સુચનાથી એમ.ઓ.બી.સ્કોડઁના માણસો તા 24/01/16 ના રોજ અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગ દરમ્યાન પો.કોન્સ.વિજયસિંહ રજુજી નાઓની બાતમી આધારે વટવા પો સ્ટેશન પો સ્ટેશનના ફ્સ્ટઁ ગુ.ર.નં.288/15 ઇ.પી.કો.કલમ 457,380 મુજબના ગુનામા નાસતા ફરતા આરોપી મહંમદહુસેન @ એરટેલ લાલમહંમદ રંગરેઝ ઉ.વ.21 રહે.56,અમનનગર ઝુલતા મિનારા પાસે ગોમતીપુર અમદાવાદ નાને પકડી વટવા પો સ્ટેશન સોપવામા આવેલ છે.

## મહારાષ્ટ્રના ઔરંગાબાદ ના બાલુજ એમઆઇડીસી વિસ્તારમાં ૧૪ લાખની લુંટ તથા અન્ય ૭ ગુનાના આરોપીને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ

નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા આપેલ સુચના આધારે પો.ઇન્સ.શ્રી એસ.એલ.ચૌધરી નાઓએ સ્કોડના અધિ.તથા માણસોને આપેલ સુચના આધારે આજરોજ પો.સ.ઇ.ડી.એસ.ગોહિલ તથા સ્ટાફના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન હે.કો.જયેન્દ્રસીંહ નાઓને મળેલ ચોકકસ બાતમી આધારે આરોપી સંજય ઉર્ફે બલ્લુ S/o બાબુભાઇ શામજીભાઇ બજરંગે (છારા) ઉવ.૩૫ રહે.મકાન નં.૭૮/૨, વાલ્મીકી આવાસ યોજના, નોબલનગર, સરદારનગર અમદાવાદ શહેર નાને આજરોજ તા.૨૫.૧.૨૦૧૬ કલાક ૧૨.૩૦ વાગે મહાવીર કસરતશાળા આગળ જાહેર રોડ ઉપરથી પકડી પાડેલ છે.

સદરી ઇસમની ઝીણવટભરી પુછપરછ કરતા આજથી ત્રણેક માસ અગાઉ તથા તે અગાઉ પણ મહારાષ્ટ્રના ઔરંગાબાદ તથા નાસીક તેમજ અન્ય શહેરોમાં પોતાના સાથીદારો સાથે મળી લુંટો કરેલ હોવાની હકિકત જણાવેલ છે.જેથી આ બાબતે તપાસ કરી કરાવતા બાલુજ એમઆઇડીસી પો.સ્ટે.ખાતે ફસ્ટૅ ગુરનં.૪૨૬/૨૦૧૫, ઇપીકો કલમ ૩૯૫, ૩૭૯, ૩૪ વિગેરે મુજબનો ગુનો દાખલ થયેલ હોવાનું અને તે ગુનામાં પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો હોય જેને પકડી પાડી ઉક્ત ગુનાના કામે સોંપવા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)